# Dudhe Te Bhari Gujarati Lyrics

ઘમર ઘમર મારો ગરબો રે માથે ને લટક મટક ચાલે ઢલકત ઢોલ,
હે લરફર લરફર સૈયર સંગે રૂમક ઝુમક જાયે રૂપરંગ રે…
હે કેડમાં કંદોરો, ને કોટમાં છે દોરો, સાંકરયિો સાદ, કંઠે કોયલીનો શોર,
હે મધુભર રસભર નૈન નચાવે નાજુક નમણી નાગરવેલ…

હે દુધે તે ભરી તલાવડી ને મોતીડે બાંધી પાળ રે,
જીલણ જીલવા ગ્યા'તા, ગરબે ઘૂમવા ગ્યા'તા…

હે વાટકી જેવડી વાવલડી ને મંઈ ખોબલો પાણી માંઈ રે,
જીલણ જીલવા ગ્યા'તા, ગરબે ઘૂમવા ગ્યા'તા…
હે દુધે તે ભરી…

ગરબો માથે કોરયિો માએ ઝબક દીવડો થાય મારી માડી,
ગરબો રૂડો ડોલરીયો એ તો ઘમ્મર ઘમ્મર ઘૂમે મારી માડી,
હે તાળીઓની રમઝટ,
હે તાળીઓની રમઝટ પગ પડે ને ત્યાં ધરણી ધમધમ થાય રે…
જીલણ જીલવા ગ્યા'તા, ગરબે ઘૂમવા ગ્યા'તા…
હે દુધે તે ભરી…

હળવે હલું તો કેર ચહી જાય, હાલુ ઉતાવળે તો પગ લચકાય,
સાળુ સંકોરું તો વાયરે ઉડી જાય, ધડકંતો છેડલો સરી સરી જાય…
હે પગને ઠેકે ધૂળની ડમરી ગગનમાં છવાઈ રે…
જીલણ જીલવા ગ્યા'તા, ગરબે ઘૂમવા ગ્યા'તા…
હે દુધે તે ભરી…

ચ્યમ જઉ ઘર આંગણીયે, આજ ગરબો રંગે ચગ્યો મારા વ્હાલા…
થઈ જાઉં હું તો ઘેલી ઘેલી હૈયા હલિોળાં ખાય મારા વ્હાલા…
હે સરખેસરખી સૈયર ટોળે ઝટપટ ઝટપટ જાય રે…
જીલણ જીલવા ગ્યા'તા, ગરબે ઘૂમવા ગ્યા'તા…
હે દુધે તે ભરી…

---

Translated version

ghamar ghamar maro garbo re mathe ne latak matak chale dhalkat dhol
he larfar larfar saiyar sange rumak jumak jaay ruprang re
he kedma kandoro, ne kotma che doro, sankariyo saad, kanthe koyalino shor
he madhubhar rasbhar nain nachave najuk namni nagarvel

he dudhe te bhari talavde ne motide bandhi paad re
jhilan jhilva gya ta, garbe ghumva gya ta

he vatki jevdi vaavdi ne mai khoblo pani mai re

jhilan jhilva gya ta, garbe ghumva gya ta
he dudhe te bhari..

garbo mathe koriyo maae jabak divdo thaay mari madi
garbo rudo dolariyo e toh ghamar ghamar ghume mari madi
he taliyo ni ramjhat
he taliyo ni ramjhat page pade ne tya dharni dham dham thay re
jhilan jhilva gya ta, garbe ghumva gya ta
he dudhe te bhari..

hadve halu toh ker chahi jaay, halu utavde toh pag lachkay
saadu sankoru toh vayre udi jaay, dhadkanto chedlo sari sari jaay
he pagne theke dhumni damri gaganma chavay re
jhilan jhilva gya ta, garbe ghumva gya ta
he dudhe te bhari..

GujaratiLyrics.com